# Complete Online Payment Solution

# જી.આઈ.ડી.સી.વસાહતોના ફાળવણીદારોના બાકી લ્હેણાંનું ઓન લાઈન ચૂકવણું.

જીઆઈડીસીની જુદી જુદી વસાહતોના ફાળવણીદારોના બાકી લ્હેણાંની વિગતો સરળતાથી ઉપલબ્ધ થઈ શકે તે હેતુથી નિગમ ધ્વારા ફાળવણીદારોના હિસાબોનું કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવેલ છે. આ બાકી લ્હેણાંની વિગતો નિગમની વેબસાઈટ www.gidc.gov.in પરથી મેળવી શકાય છે. જે ફાળવણીદારો ધ્વારા ઈ.મેઈલ એડ્રેસ આપવામાં આવશે તેઓ ઈ.મેઈલ ધ્વારા પણ બાકી લ્હેણાંની વિગતો મેળવી શકશે તેમજ મોબાઈલ નંબરની વિગત આપવાથી મોબાઈલ પર બાકી લ્હેણાંની વિગતો મેસેજ ધ્વારા મેળવી શકાશે. આ બાકી લ્હેણાં ફાળવણીદારો નિગમની કચેરીનો રૂબરૂમાં સંપર્ક કર્યા સિવાય સરળતાથી ચૂકવી શકે તે હેતુથી E Payment Gateway ની સુવિધા વિકસાવવામાં આવેલ છે. જે નિગમની વેબસાઈટ www.gidc.gov.in પર Online Payment of Dues ના મથાળા હેઠળ મુકવામાં આવેલ છે. જેના ધ્વારા ફાળવણીદાર ચકાસણી ફી, ડાઉન પેમેન્ટ, હપ્તા, દંડકીય અને વિલંબિત વ્યાજ, રેવન્યુ ચાર્જીસ, વોટર ચાર્જીસ અને ડ્રેનેજ ચાર્જીસ સહિતના બાકી લ્હેણાં Net Banking / Credit Card / Debit Card / Citrus Wallet મારફતે પણ સરળતાથી ચૂકવણું કરી શકશે. જેથી ફાળવણીદારોના સમય અને શકિતનો બચાવ થશે.

## નિગમ ધ્વારા તાજેતરમાં અપાયેલ અન્ય રાહતો / સવલતો.

- તા.૦૧–૦૪–૨૦૧૬થી નિગમના વ્યાજના દરમાં ૧% નો ઘટાડો.
- હવે પછી ફાળવવામાં આવનારા ૪૦૦૦ સુધીના ક્ષેત્રફળ ધરાવતા સુક્ષ્મ અને નાના ઉદ્યોગોનું સર્ટીફિકેટ ધરાવતા ઉદ્યોગ સાહસિકોને વ્યાજના દરમાં વધુ ૨% ની રાહત.
- બાકી લ્હેણાંની એક સાથે ચૂકવણા પર ૧૦૦% દંડકીય વ્યાજ અને ૫૦% વિલંબીત વ્યાજની માફીની યોજના તા.૩૧–૧૨–૨૦૧૬ સુધી લંબાવવામાં આવેલ છે.
- બાંધકામ અને લેટ પ્લાન એપ્રુવલ ફી નાબુદી.
- એકઝીટ પોલીસી હેઠળ ખુલ્લા પ્લોટના ટ્રાન્સફરની નીતિ તા.૩૧–૧૨–૨૦૧૬ સુધી લંબાવવામાં આવેલ છે.
- તા.૧૬–૦૨–૨૦૧૬થી પુનઃજીવીત કરવામાં આવેલ લગત પ્લોટની ફાળવણીની નીતિ.
- બીન વપરાશી પ્લોટની વપરાશની સમય મર્યાદા તા.૩૧–૦૩–૨૦૧૭ સુધી લંબાવવામાં આવેલ છે.